# A Legacy of Empowerment:
# Pravinbhai Dalal Rehabilitation Center &
# Jyotiben Dalal Skill Development Center

Together, the Pravinbhai Dalal Rehabilitation Centre and the Jyotiben Dalal Skill Development Centre reflect the Dalal Family Foundation's commitment to disability empowerment supporting individuals from early intervention and therapy to vocational training and independent living.

These centers honor the enduring legacy of Pravinbhai and Jyotiben Dalal, whose values of compassion, inclusion, and service continue to transform lives and strengthen communities.



PRGI No. GJGUJ/25/A4512

Social Media Addition

સત્ય, સચોટ અને સકારાત્મક અખબાર

ન્યૂઝપ્લસ ભારતીય

• તંત્રી : મનિષ આસ્તિક

9825203138

સાપ્તાહિક

"NEWSPLUS BHARATIYA" Gujarati Weekly Newspaper

## PNR સોસાયટીમાં લોકાર્પણનો ત્રિવિધ કાર્યક્રમ સંપન્ન

ન્યૂઝપ્લસ ભારતીય કાર્યાલય અહેવાલ

તા. ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ રવિવારે સવારે ૧૦ કલાકે PNR સોસાયટી, નટરાજ કોલેજ કેમ્પસ, ભાવનગર ખાતે લોકાર્પણ, બહુમાન અને સાધન સહાયનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સૌ પ્રથમ પ્રવીણચંદ્ર દલાલ રિહેબિલિટેશન સેન્ટર તથા જ્યોતિબેન દલાલ સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટરનું રિબીન કાપી મુખ્ય દાતા શ્રીમતી બિન્દુબેન અને નયનભાઈ તથા સમગ્ર દલાલ ફેમિલી દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ યોજાયેલા સભારંભમાં મુખ્ય અતિથિ પ. પૂ. સ્વામીની સદ્વિદ્યાનંનદા સરસ્વતિજી, જેઓ વેદાંત અને સંસ્કૃત વ્યાકરણના વિદુષી (આર્ષ વિદ્યા તિર્થ, બારડોલી-નવસારી) એ તથા અતિથિ વિશેષ પદ્મશ્રી ડો. જગદીશભાઈ ત્રિવેદી (હાસ્યકલાકાર અને સમાજ સેવક) એ, પોતાની આગવી શૈલીમાં આશીર્વચન સાથે વક્તવ્ય આપ્યું હતું.

**આ પ્રસંગે સંસ્થાના ફાઉન્ડર શ્રી બાબાભાઈ, પ્રમુખ શ્રી કૃષ્ણકાન્તભાઈ ચિત્તલિયા, મહામંત્રી શ્રી પારસભાઈ શાહ, શ્રી પ્રકાશભાઈ દેસાઇ, અન્ય ટ્રસ્ટીગણ, કર્મચારીગણ, વિશિષ્ટ શિક્ષકો, દિવ્યાંગ બાળકો અને વાલીશ્રીઓની ઉપસ્થિતિમાં, મહાનુભાવોના વરદ્ હસ્તે, રિહેબિલિટેશન અને સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર, મનિકા પ્લાસ્ટ સોલાર સિસ્ટમ; રાધાકૃષ્ણ મંદિર; આઉટડોર કિચન તથા બચપન કોર્પસ ફંડનું દીપ પ્રાકટ્ય તથા ડિઝિટલી ઉદ્ઘાટન શ્રી પારસભાઈ શાહ દ્વારા કરાવવામાં આવ્યું હતું.**

આ પ્રસંગે ઉદારદિલ દાતાશ્રી કોમલકાન્ત શર્મા, (લીલા ગ્રુપ ઓફ ભાવનગર) તથા અન્ય મહાનુભાવોનું સન્માન પત્ર, શાલ અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું હતું. આ પાવન પ્રસંગે મુખ્ય દાતાશ્રી નયનભાઈ દલાલે હૃદયસ્પર્શી અને ભાવવાહી રીતે સન્માનનો પ્રતિભાવ આપ્યો હતો.

સંસ્થાના માનદ્ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે દિવ્યાંગ બાળકોને સાધન સહાય વિગેરે, મંચસ્થ મહાનુભાવોના હસ્તે અર્પણ કરાવેલ હતું. કાર્યક્રમનું સંચાલન વિ. શિ. શ્રી ખેવનાબેન ઓઝા તથા આભારવિધિ સહ મંત્રી શ્રી પ્રકાશભાઈ દેસાઇ દ્વારા કરવામાં આવી હતી.




For the Inauguration video. Click here